જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પંચપદ્યાનિ

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-વિશ્વરૂપ દર્શનયોગ (અગિયારમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૨) શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભક્તિયોગ (બારમો અ.) (પ્રમીલાવ્યાખ્યાસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૩) શ્રીમદ્ ભગવદ્‌ગીતા-દૈવાસુર સમ્પદ્‌વિભાગયોગ (સોળમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૭,૦૦૦
(૪) The Way of the Excellent life	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૧૮,૦૦૦
(૫) ShreeVallabha-charyaji-His life and Works and His message for Mankind	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૩૫,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૮	વડોદરા શિબિર	૧૫	૩૦૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮) ભક્તિવર્ધિની ભાગ-૬	જૂનાગઢ શિબિર	૨	૪૦
૧૯) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૩	૬૦
૨૦) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૧) યમુનાષ્ટક	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૨) વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૩) ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૪) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૫) રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૬) ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

૨૭) દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮) યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯) ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૦) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૧) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૨) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૩) કીર્તન-ભાવાર્થ શિબિર	અમદાવાદ શિબિર	૭	૧૪૦
૩૪) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૫) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૬) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૭) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૮) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૯) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૪૦) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૧) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૨) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૩) શ્રીમદ્‌ભગવદ્‌ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૪) વેણુગીત	બેંગ્લોર-રાજકોટ ક્લાસ	૪	૮૦
૪૫) ભક્તિહંસ	વડોદરા શિબિર	૮	૧૬૦
૪૬) વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૭) ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૮) ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૯) પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૫૦) અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૨	૪૦
૫૧) પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૨) અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૩) અષ્ટાંગયોગ,અણુભાષ્ય, નવરત્ન શિવરાત્રીવ્રત, ભગવચ્ચરણચિહ્ન	બાળ-શિબિર-૭ જૂનાગઢ	૧	૨૦
૫૪) દામોદરલીલા,અધિકમાસનું માહાત્મ્ય	વડોદરા પ્રવચન	૧	૨૦
૫૫) શ્રીયમુનાજીના પદો	અમદાવાદ શિબિર	૧	૨૦

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પંચપદ્યાનિ

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -

પરેશભાઈ ર.શાહ, અ.સૌ.રેખાબેન પરેશભાઈ શાહ,
વ્રજેશ પી.શાહ, પ્રિયંકા વી.શાહ તથા સ્વર વી.શાહના
(એ-૯ પુષ્પમ ટેનામેન્ટ, ગોત્રી રોડ, વડોદરા, ફોન નં. ૨૩૭૨૬૬૮, ૯૭૨૪૪૫૯૬૨૨)
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. શ્રીચુનીભાઈ જી.શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ એન.શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૯, ચૈત્ર સુદ, ઈ.સ. એપ્રિલ-૨૦૧૩

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - રૂા. ૫-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી પંચપદ્યાનિ ગ્રન્થ સરળ અન્વય અને સરળ ટિપ્પણ ભાવાર્થસહિત શિબિરાર્થીઓના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫, વર્ષ ૨૬ થી ૪૦ તથા ૪૦થી ઉપરના વયસ્કો તથા બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૧૧ મે થી ૧૮ મે ૨૦૧૩) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓ ને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી, તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તિકામાં અન્વય-ભાવાર્થ તથા શ્રીપુરુષોત્તમજીની ટીકાના શ્રીગુસાંઈજીની ટીકાના આશયને સાથે રાખીને લખવામાં આવ્યું છે. તે ઉપરાંત આ ગ્રન્થની જાણકારી માટે ગ્રન્થ પરિચયના રૂપમાં અમારા દ્વારા લખાયેલ ‘ષોડશગ્રન્થ સરળ સાર’ પુસ્તકમાંથી ઉદ્ધૃત કરીને ‘પંચપદ્યાનિ સરળ સાર’ નામે અલગથી આપવામાં આવેલ છે.

મને વિશ્વાસ છે કે આ પુસ્તિકા, આ ગ્રન્થનું અધ્યયન કરનાર જિજ્ઞાસુ જનોને ખૂબ જ સુગમ અને ઉપયોગી નીવડશે.

આ પુસ્તિકાના પ્રકાશનમાં દ્રવ્ય સહયોગકર્તા શ્રીપરેશભાઈ ર.શાહ કે જેઓ વડોદરાના નિવાસી છે અને તેઓ અમારા ટ્રસ્ટના કાર્યમાં સદૈવ ખડેપગે હાજર રહી સર્વ સેવાઓ આપે છે તેમની આ નિષ્ઠા-ભાવના સદૈવ બની રહે અને તેમનાં પરિવાર પર પ્રભુ સદૈવ કૃપા દૃષ્ટિ બનાવી રાખે એ જ શુભાભ્યર્થના.

ગુજરાતી વિ.સં.૨૦૬૯,
ફાગણ સુદ-૧૫,
બુધવાર, ૨૭-૩-૨૦૧૩
વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
-વડોદરા.

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પંચપદ્યાનિ (સરળસાર)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘ષોડશગ્રન્થો સરળસાર’ માંથી ઉદ્ધૃત)

પંચપદ્યાનિ ગ્રન્થની રચના પણ શ્રીવલ્લભાચાર્યજીએ ક્યારે અને ક્યાં કરી તેની ઈતિહાસથી વિગત જાણવા મળતી નથી. આ ગ્રન્થમાં કુલ પાંચ શ્લોકો છે.

જેમ જલભેદ ગ્રન્થ વડે વક્તાનું સ્વરૂપ જાણવા મળે છે તેમ આ ગ્રન્થ દ્વારા શ્રોતાનું - સાંભળનારનું સ્વરૂપ જાણી શકાય છે. જે સાંભળનારાઓએ વક્તાનું સ્વરૂપ બરાબર જાણીને જ તેનાથી સાંભળવાનો સંગ કરવો જોઈએ, ત્યારે જ ઉત્તમ ફળ સાંભળવાનું થઈ શકે છે. તેમ વક્તાઓએ પણ સાંભળનારનું સ્વરૂપ જાણીને જ ભગવાનના ગુણો સંભળાવવાનો સંગ કરવો જોઈએ, નહિંતર ગમે તેવાને સંભળાવવાથી તેવા સાંભળનારાઓના સંગથી વક્તાનાં હૃદયમાં પણ વિકારો ઉત્પન્ન થવા સંભવ છે તેથી ભગવાનના ગુણો પણ સમજી વિચારી જોઈ યોગ્ય પાત્રને સંભળાવવા જોઈએ.

આ ગ્રન્થના ટીકાકાર શ્રીપુરુષોત્તમજી મહારાજના જણાવ્યા મુજબ પાંચ શ્લોકો પૈકી પ્રથમ શ્લોકમાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય (ઉત્તમ અધિકારી) શ્રોતા કેવો હોય તે જણાવ્યું છે, બીજા શ્લોકમાં પુષ્ટિ-મર્યાદા (મધ્યમાધિકારી) અધિકાર શ્રોતાનું નિરૂપણ કરાયું છે, ત્રીજા તથા ચોથા શ્લોકમાં મર્યાદા પુષ્ટિમાર્ગીય (જઘન્ય-હીન-અધિકારી) શ્રોતાનું નિરૂપણ થયું છે તથા પાંચમા શ્લોકમાં આ ત્રણેથી ઉતરતા કે જેમનો હીનમાં પણ અધિકાર કહી શકાય તેમ ન હોય તેવા છતાં પણ સામાન્યપણે ન કરતા હોય તેવા અધિકાર વિનાના શ્રોતાઓનું નિરૂપણ થયું છે (શ્રવણનું ઉત્તમ-મધ્યમ-જઘન્ય ફળછે તે ઉત્તમ-મધ્યમ-જઘન્ય અધિકારીને જ થાય છે, અધિકાર વિનાના શ્રોતાઓનું શ્રવણ ન કર્યા બરાબર હોવાથી તેમને શ્રવણનું ત્રણમાંથી એકે ફળ થતું નથી.

* * *

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પંચપદ્યાનિ

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૧ ॥

વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ।
અર્થૈકનિષ્ઠાસ્તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૨ ॥

નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ ।
તે ત્વાવેશાત્ તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા ॥ ૩ ॥

પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્નતુ સર્વદા ।
અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥ ૪ ॥

અનન્યમનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।
દેશકાલદ્રવ્યકર્તૃમન્ત્રકર્મપ્રકારતઃ ॥ ૫ ॥

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિતાનિ-પંચપદ્યાનિ સમ્પૂર્ણાનિ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પંચપદ્યાનિ

(અન્વય-ભાવાર્થ સહિત)

કીર્તન સિદ્ધિને અર્થે શ્રોતાઓનો વિચાર કરે છે -

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૧ ॥

અન્વય : શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસાઃ – શ્રીકૃષ્ણનો - ભગવાનનો લીલાસમ્બન્ધી ભજનાનન્દાત્મક જે રસ તેનાથી વિક્ષિપ્ત મનવાળા-પોતાના અર્થેના અનુસન્ધાન વિનાના, **રતિવર્જિતાઃ** – બહાર ભગવત્ પ્રાકટ્ય વડે ભગવાન સાથે સંલાપ-દર્શન વગેરે ઈન્દ્રિયો વડે થાય છે તેનાથી રહિત (હૃદયમાં જ રસાત્મક ભગવાનની સ્થિતિવાળા), **લોક–વેદે** – ભગવાનને અર્થે બધું ત્યાગીને લોક તથા વેદમાં, **અનિર્વૃતાઃ** – આનન્દરહિત બનેલા એવા (તેમજ), **શ્રવણોત્સુકાઃ** – ભગવાનના ચરિત્ર-કથાને સાંભળવામાં ઉત્સુક-ઉત્કંઠાવાળા (જે છે), **તે** – તે લોકો (પુષ્ટિમાર્ગીયો), **મુખ્યાઃ** – (જે કીર્તનગાનમાં જે દ્વિતીય અધિકારી છે અને જે ગુણગાનમાં પ્રથમ અધિકારી છે તે અહીં) શ્રવણમાં મુખ્ય છે **॥ ૧ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – શ્રીકૃષ્ણનો - ભગવાનનો લીલાસમ્બન્ધી ભજનાનન્દાત્મક જે રસ તેનાથી વિક્ષિપ્ત મનવાળા-પોતાના અર્થેના અનુસન્ધાન વિનાના, બહાર ભગવત્ પ્રાકટ્ય વડે ભગવાન સાથે સંલાપ-દર્શન વગેરે ઈન્દ્રિયો વડે થાય છે તેનાથી રહિત (હૃદયમાં જ રસાત્મક ભગવાનની સ્થિતિવાળા), ભગવાનને અર્થે બધું ત્યાગીને લોક તથા વેદમાં આનન્દરહિત બનેલા એવા (તેમજ) ભગવાનના ચરિત્ર-કથાને સાંભળવામાં ઉત્સુક-ઉત્કંઠાવાળા (જે છે) તે લોકો (પુષ્ટિમાર્ગીયો) (જે કીર્તનગાનમાં જે દ્વિતીય અધિકારી છે અને જે

ગુણગાનમાં પ્રથમ અધિકારી છે તે અહીં) શ્રવણમાં મુખ્ય છે **॥ ૧ ॥**

આ પ્રમાણે શુદ્ધપુષ્ટિમાર્ગીય મુખ્ય શ્રવણાધિકારવાળાઓનું નિરૂપણ કરીને હવે પુષ્ટિ-મર્યાદામાર્ગીય મધ્યમાધિકારવાળાઓને જણાવે છે -

વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ।
અર્થૈકનિષ્ઠાસ્તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ॥ ૨ ॥

અન્વય : વિક્લિન્નમનસઃ – ભગવાનમાં જ એકમાત્ર પરાયણતા વડે કોમલ હૃદયવાળા ભગવદ્રસથી આર્દ્ર જેનું મન છે તેવા, **તુ** – અને વળી, **યે** – જે લોકો, **ભગવત્સ્મૃતિવિહ્વલાઃ** – ભગવાનના સ્મરણ વડે વિહ્વલતાને-વિવશતાને પ્રાપ્ત થયેલા, **ચ** –અને વળી પાછા, **શ્રવણોત્સુકાઃ** – શ્રવણ કરવાની ઉત્કંઠાથી યુક્ત થયેલા, **તુ યે** – અને વળી જે, **અર્થૈક – નિષ્ઠાઃ** - પોતાની કૃતાર્થતા રૂપ અથવા ભક્તિબીજની દઢતારૂપ પ્રયોજન તેમાં જ એકમાત્ર મુખ્ય સ્થિતિવાળા, **તે** – તે લોકો, **અપિ** – પણ, **મધ્યમાઃ** – મધ્યમ પ્રકારના શ્રવણાધિકારી ભક્તો છે (જે લોકો ગૃહસ્થ છે અને આસક્તિ અથવા વ્યસનનાં સાધનોમાં પરાયણ છે તે લોકો પૂર્વમાં કહેવાયેલ ધર્મવાળા હોઈને પણ સાધનપરાયણ હોવાથી એમની જે ભગવન્નિષ્ઠા છે તેનો સાધનમાં જ ઉપયોગી હોવાથી પૂર્વમાં કહેવાયેલ ધર્મવાળા હોઈને પણ તેઓ મધ્યમ છે) **॥ ૨ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – ભગવાનમાં જ એકમાત્ર પરાયણતા વડે કોમલ હૃદયવાળા ભગવદ્રસથી આર્દ્ર જેનું મન છે તેવા અને વળી જે લોકો ભગવાનનાં સ્મરણ વડે વિહ્વલતાને-વિવશતાને પ્રાપ્ત થયેલા (અને વળી પાછા) શ્રવણ કરવાની ઉત્કંઠાથી યુક્ત થયેલા અને વળી જે પોતાની કૃતાર્થતા રૂપ અથવા ભક્તિબીજની દઢતારૂપ પ્રયોજન તેમાં જ એકમાત્ર મુખ્ય સ્થિતિવાળા તે લોકો પણ મધ્યમ પ્રકારના શ્રવણાધિકારી ભક્તો છે (જે લોકો ગૃહસ્થ છે અને આસક્તિ અથવા વ્યસનનાં સાધનોમાં પરાયણ છે તે લોકો પૂર્વમાં કહેવાયેલ ધર્મવાળા હોઈને પણ સાધનપરાયણ હોવાથી એમની જે ભગવન્નિષ્ઠા છે તેનો

સાધનમાં જ ઉપયોગી હોવાથી પૂર્વમાં કહેવાયેલ ધર્મવાળા હોઈને પણ તેઓ મધ્યમ છે) **॥ ૨ ॥**

આ પ્રમાણે પુષ્ટિ-મર્યાદામાર્ગીય મધ્યમાધિકારીને જણાવીને હવે મર્યાદા-પુષ્ટિમાર્ગીય જઘન્ય અધિકારીને જણાવે છે -

નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ ।
તે ત્વાવેશાત્ તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા ॥ ૩॥

પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્નતુ સર્વદા ।
અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥ ૪ ॥

અન્વય : યે – જે લોકો, **કૃષ્ણતત્ત્વમ્** – કૃષ્ણ તત્ત્વને (સર્વકર્તા, છ ગુણવાળા, પરમકૃપાલુ, દીનબન્ધુ, ભક્તિ-જ્ઞાન વગેરેને પ્રગટ કરનારા, પતિત પાવન વગેરે ધર્મો ભગવાનમાં સહજ-આરોપણ વિનાના છે એમ), **નિસંદિગ્ધમ્** – સન્દેહ રહિત, **સર્વભાવેન** – ભગવાન જ સર્વરૂપ છે એમ, **વિદુઃ** – જાણે છે, **તે** – તે લોકો તો, **તુ** – વળી, **આવેશાત્** – ભગવદાવેશ થી, **તુ** – પણ, **વા** – અથવા, **નિરોધાત્** – નિરોધથી, (જે), **વિકલાઃ** – વિકલ હોય છે, **ચ** – પરન્તુ, **અન્યથા** – બીજી કોઈ રીતે (વિકલ), **ન** – નથી હોતા **॥ ૩ ॥** **યે** – જે, **કેચિત્** – કોઈક, **કદાચિત્** – ક્યારેક (જ), **પૂર્ણભાવેન** – પૂર્ણભાવે, **પૂર્ણાર્થાઃ** – પૂર્ણ અર્થવાળા હોય છે, **તુ** – (તે લોકો) તો, **સર્વદા** – સર્વદા-હંમેશાં, **ન** – (તેવા) નથી હોતા, **તુ** – અને (તે લોકો), **અન્યાસક્તાઃ** – અન્યમાં આસક્ત હોય છે (જ્ઞાનપ્રધાન હોવાથી જ્ઞાનના આવેશ થકી ભક્તિના ઉત્કર્ષથી રહિત હોય છે, તે લોકો), **અધમાઃ** – અધમ-જઘન્ય, **પરિકીર્તિતાઃ** – કહેવામાં આવે છે (તેથી કરીને તેવા-તેવા લોકોના સંગમાં વક્તાને પણ તેવા-તેવા પ્રકારના ભાવ સિદ્ધ થાય છે તેથી યથાસમ્ભવ ઉત્કૃષ્ટના સંગ માટે જ પ્રયત્ન કરવો) **॥ ૪ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – જે લોકો કૃષ્ણ તત્ત્વને (સર્વકર્તા, છ ગુણવાળા,

પરમકૃપાલુ, દીનબન્ધુ, ભક્તિ-જ્ઞાન વગેરેને પ્રગટ કરનારા, પતિત પાવન વગેરે ધર્મો ભગવાનમાં સહજ-આરોપણ વિનાના છે એમ) સન્દેહ રહિત ભગવાન જ સર્વરૂપ છે એમ જાણે છે તે લોકો તો વળી ભગવદાવેશથી પણ અથવા નિરોધથી, (જે) વિકલ હોય છે પરન્તુ બીજી કોઈ રીતે (વિકલ) નથી હોતા **॥ ૩ ॥** જે કોઈક ક્યારેક (જ) પૂર્ણભાવે પૂર્ણ અર્થવાળા હોય છે (તે લોકો) તો સર્વદા-હંમેશાં (તેવા) નથી હોતા અને (તે લોકો)અન્યમાં આસક્ત હોય છે (જ્ઞાનપ્રધાન હોવાથી જ્ઞાનના આવેશ થકી ભક્તિના ઉત્કર્ષથી રહિત હોય છે, તે લોકો) અધમ-જઘન્ય કહેવામાં આવે છે (તેથી કરીને તેવા-તેવા લોકોના સંગમાં વક્તાને પણ તેવા-તેવા પ્રકારના ભાવ સિદ્ધ થાય છે તેથી યથાસમ્ભવ ઉત્કૃષ્ટના સંગ માટે જ પ્રયત્ન કરવો) **॥ ૪ ॥**

અહીં પૂર્વમાં નિરૂપણ કર્યા મુજબ ભલે શ્રોતાના તે મુજબ અધિકાર હોય, પણ અત્યારે તો હીન અધિકારીઓ પણ મળતા નથી તેથી કીર્તન ઉચ્છિન્ન જેવું થઈ જાય, તે ન થાય માટે સામાન્ય રીતે શ્રવણાદિ ભક્તિના અધિકારીને જણાવે છે -

અનન્યમનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।
દેશકાલદ્રવ્યકર્તૃમન્ત્રકર્મપ્રકારતઃ ॥ ૫ ॥

અન્વય : મર્ત્યા – મરણશીલ (જે), **દેશ–કાલ–દ્રવ્ય–કર્તૃ–મન્ત્ર–કર્મ–પ્રકારતઃ** – દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મના પ્રકારે (તે પ્રકારોને પામીને), **શ્રવણાદિષુ** – શ્રવણ વગેરે ભક્તિમાં, **અનન્યમનસઃ** – એક માત્ર ભગવાનમાં મનવાળા છે (તેવાઓ), **ઉત્તમાઃ** – ઉત્તમ છે **॥ ૫ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – મરણશીલ (જે) દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મના પ્રકારે (તે પ્રકારોને પામીને) શ્રવણ વગેરે ભક્તિમાં એક માત્ર ભગવાનમાં મનવાળા છે તેવાઓ ઉત્તમ છે (શ્રવણ વગેરે ભક્તિમાં સંગને અર્થે જો પૂર્વમાં કહેવાયેલ અધિકારી નહીં મળતા હોય તો આવા લોકોને પણ શોધવા અને જો-જ્યારે તેવા પૂર્વમાં કહ્યા મુજબના અધિકારી મળે તો -ત્યારે આવાઓ સાથે નહીં જોડાવું) **॥ ૫ ॥**

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત પંચપદ્યાનિ ગ્રન્થનો ગોસ્વામી ચન્દ્રગોપાલ દ્વારા કરાયેલ અન્વય-ટિપ્પણ-ભાવાર્થ સહિતનો અનુવાદ પૂર્ણ થયો ॥ ॥ શ્રીમદ્વિટ્ઠલેશઃ પ્રસન્નોઽસ્તુ ॥

* * *